# સંસ્થા ખાતે આંતર રાષ્ટ્રીય મહિલા દિન ની ઉજવણી

આંતર રાષ્ટ્રીય મહિલા દિન 2021 ના ઉપક્રમે સંસ્થા ખાતે **" ભવિષ્ય નું ભારત:મહિલા શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા"** શીર્ષક અંતર્ગત પરિસંવાદ નું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમ માં સંસ્થા ના મહિલા અધિકારી ઓ અને કર્મચારી ઓ ઉપરાંત સંસ્થા ખાતે કાર્યરત મહિલા સફાઈ કામદારો એ ભાગ લીધેલ.

સફાઈ કામદાર મહિલા ઓ માં શિક્ષણ,સ્વચ્છતા અને મહિલા સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશ સાથે યોજાયેલ પરિસંવાદ માં સંસ્થા ખાતે ફરજ બજાવતા મહિલા અધિકારી ઓ એ મહિલા સફાઈ કર્મચારી ઓ સાથે વાર્તાલાપ કર્યો. મહિલા સ્વાસ્થ્ય અંગે ના પ્રશ્નો અને કન્યા કેળવણી અંતર્ગત સરકારશ્રી દ્વારા આપવામાં આવતી સહાય જેવા વિવિધ મુદ્દા ઓ પર માર્ગદર્શક ચર્ચા દ્વારા સફાઇ કામદાર બેહનો ના પ્રશ્નો નુ નિરાકરણ લાવવાનો સ્તુત્ય પ્રયાસ કરવામા આવ્યો. અંત મા આચાર્યશ્રી ના શુભેચ્છા સંદેશ સાથે કાર્યક્રમ નુ સમાપન થયુ.

